# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૯/૦૯/૨૦૧૬ થી તા.૧૧/૦૯/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૭૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૨૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૩,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૯૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૩૦૬૫૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૪૮૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૧૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૮૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૫૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૭૫ કરદાતાઓ પાસેથી રૂા.૨૭,૭૩,૬૦૦/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૪૫૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૬૬ એન્ટ્રીમાં રૂા.૫,૫૪,૯૭૩/– અને આર.સી.ની ૧૯૧ એન્ટ્રીમાં રૂા.૧૫,૬૮,૯૯૭/– મળી કુલ રૂા.૨૧,૨૩,૯૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૯ એન્ટ્રીમાં રૂા.૪૬૦/– રીન્યુઅલની ૦૨ એન્ટ્રીમાં રૂા.૧૦૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા કોમ્યુનીટી હોલની સામેલની ગલી તથા ગોતાલાવાડી વિસ્તારમાં સફાઈ ઝુંબેસ હોવાથી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૨, બંધ લાર–૦૯ તથા અન્ય–૦૨ જપ્ત કરવામાં આવેલ છે. તેમજ અમરોલી શાકમાર્કેટથી બેરીકેટીંગ લઈ મજુરા ગેટ ટ્રાફિક ડેપોમાં બેરીકેટીંગ નંગ : ૫૦ જમા કરાવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1121
તા.૧૨/૦૯/૨૦૧૬

હૈદરાબાદ ખાતે તા. ૮ તથા ૯ સપ્ટેમ્બરનાં રોજ હૈદરાબાદ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજીત થયેલ ૪૫ મી " સ્કોચ સમીટ " માં સુરત મહાનગરપાલિકાને ૨૦૧૬ નાં વર્ષ માટે પંસદ થયેલ " ટોપ ૧૦૦ પ્રોજકટસ ઈન ઈન્ડીયા" માટે નીચે મુજબનાં " સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ " માટેનાં પુરસ્કાર આપવામાં આવેલ છે.

૧. વોટર કવોલીટી મોનીટરીંગ સીસ્ટમ ઈન વોટર સપ્લાય સીસ્ટમ સુરત સીટી
૨. ઈસ્ટાબ્લીશમેન્ટ ઓફ ૨૪ X ૭ વોટર સપ્લાય સ્કીમ એન્ડ કન્ઝયુમર સેટીસ્ફેકશન
૩. એકઝીકયુશન ઓફ નેટવર્કીંગ ફોર વોટર સપ્લાય મેનેજમેન્ટ
૪. ફેન્ચ વેલ્સ (ઈન્ફીલ્ટ્રેશન વેલ્સ) ફોર ધ સપ્લાય ઓફ લાઈફ લાઈન વોટર સપ્લાય ઈન એની ઈવેનચ્યુઆલીટી
૫. રૂફ ટોપ ગ્રીડ કનેકટેડ સોલર પાવર પ્લાન્ટસ ફોર મ્યુનિસિપલ સર્વીસીસ ઓફ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન
૬. ઓપન ડેફીકેશન ફ્રી સીટી પ્રોજેકટ

આ ઉપરાંત સદર કાર્યક્રમમાં " સ્કોચ સ્વચ્છ ભારત એવોર્ડ – ૨૦૧૬ " અંતર્ગત સુરત મહાનગરપાલિકાને "ઓપન ડેફીકેશન ફ્રી સીટી પ્રોજેકટ" માટે સ્કોચ ગોલ્ડ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે.

સુરત મહાનગરપાલિકા તરફેથી નાયબ આરોગ્ય અધિકારી ડો. મહેન્દ્ર પટેલ ધ્વારા સદર કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને પુરસ્કાર સ્વીકારવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ..............તા. ૧૨–૯–૧૬
**1122**

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૧૦/૦૯/૧૬ના રોજ શિક્ષકો દ્વારા દરેક શાળાઓમાં તા.૧૦/૦૯/૧૬ના રોજ ડ્રાય ડે (વાહક જન્ય રોગ નિયંત્રણ)ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

"સ્વચ્છ અને સ્વસ્થ ભારત" અંતર્ગત તા.૧૦/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ સ્કુલના વિદ્યાર્થીઓની સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ડ્રા ડોમેસ્ટીક, પેરી ડોમેસ્ટીકની ઘનિષ્ઠ કામગીરી નીચે મુજબ કરાવવામાં આવેલ હતી.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 46213 | 97583 | 441 | 13243 | 1333 | 2899 | 189 | 52350 | 78 | 40359 | 15744 |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે. તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 1123

તા.૧૨/૦૯/૨૦૧૬

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

११२४

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## **પ્રેસનોટ**

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૯/૦૯/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ દરેક શાળાઓમાં પોસ્ટર્સ,બેનરો, વોલપેઈન્ટીગ અને કલીન કોર્નરનું અભિયાન હાથ ધરેલ છે.

જે અંતર્ગત તા.૦૯/૦૯/૧૬ ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓમાં શિક્ષકો તેમજ આરોગ્યવિભાગની સયુંકત ટીમો બનાવી પોસ્ટર્સ,બેનરો, વોલપેઈન્ટીગ અને કલીન કોર્નરનું અભિયાન તથા સફાઈની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| શાળાની સંખ્યા | શાળાની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | પોસ્ટર્સ,બેનરો વોલપેઈન્ટીગ અને કલીન કોર્નર બનાવેલશાળાની સંખ્યા |
|---|---|---|---|---|
| 59 | 141 | 573 | 74 | 298 |

વધુમાં શાળાઓના વિદ્યાર્થીઓને પોસ્ટર્સ,બેનરો, વોલપેઈન્ટીગ અને કલીન કોર્નર તથા સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વાર ા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે. તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 1124

તા.૧૨/૦૯/૨૦૧૬

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૧૧૨૫

# –:: પ્રેસ નોટ ::–

સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદા જુદા ખાતામાં માર્શલ કેડરમાં સીધી ભરતીથી નિમણૂંક કરવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગનું નામ | નિમણૂંકની સંખ્યા |
|---|---|---|
| ૧ | ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ | ૧૫૦ |
| ૨ | જગદીશચંદ્ર બોઝ મલ્ટી ડીસીપ્લીનરી એક્વેરીયમ | ૧૮ |
| ૩ | ફાયર ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર | ૨૬ |
| ૪ | વોચ એન્ડ વોર્ડ વિભાગ | ૫૫૦ |
| | કુલ... | ૭૪૪ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 1125
તા.૧૯-૯-૨૦૧૬

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૪.૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૩ લોકેશન (ખાડા) ૬૮૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૮.૧૨** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન (ખાડા) **૨૧૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૧૮૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ **,** પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.** ૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૨૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.**૭૯.૩૯ લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨૬.૫૦** લાખ થયેલ છે., **૧૭** EC તથા **૧૬** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૭૪**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.**૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે**., ૧૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૮** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૯.૧૫૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૯,૫૬૫**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૭૧૭૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૧૫૯૬૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૪૩૨** કરવામાં આવેલ છે. જયારે **૪૭** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૦૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

११२७

૧૧૨૮

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**નેચરપાર્ક–ઝુ એન્ડ એકવેરિયમ** |

**તા.૧૫/૦૯/૨૦૧૬ ના રોજ ગણેશ વિસર્જન/ અનંત ચતુર્દશી નિમિત્તે સરથાણા ખાતે આવેલ ડો.શ્યામાપ્રસાદ મુખર્જી ઝુઓલોજીકલ ગાર્ડન અને પાલ ખાતે આવેલ જગદીશચંદ્ર બોઝ મ્યુ.એકવેરીયમ બંધ રહેશે.**

# <u>પ્રેસનોટ</u>

ગણેશ વિસર્જન / અનંત ચતુર્દશીના દિવસે મહાનગરપાલિકા સંચાલિત પ્રાણી સંગ્રહાલય અને એકવેરીયમ(માછલીઘર) બંધ રહેશે.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા ખાતે આવેલ ડો.શ્યામાપ્રસાદ મુખર્જી ઝુઓલોજીકલ ગાર્ડન અને પાલ ખાતે આવેલ જગદીશચંદ્ર બોઝ મ્યુ.એકવેરીયમ તા.૧૫/૦૯/૨૦૧૬ ના રોજ ગણેશ વિસર્જન/ અનંત ચતુર્દશી નિમિત્તે બંધ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

૧૧૨૯

# <u>પ્રેસનોટ</u>

સુરતઃ—સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માનનીય કમિશનરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ ઝોનમાં આજરોજ સવારે ૮.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન ગોડાદરા મહારાણા પ્રતાપ ચાર રસ્તાથી ધ્રુવ પાર્ક સોસાયટી થઈ દેવધ ગામની હદ સુધીના વિસ્તારમાં આરોગ્ય, ઈજનેરી, ગુમાસ્તા, દબાણ વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ તથા આકાણરી વિભાગ દ્વારા સંકલિત સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેર આશિષ દુબે, નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર—<u>**૦૧**</u>, આસી.જંતુનાશક અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક—૦૩, જુ./આસી.ઈજનેર—<u>**૦૫**</u> તેમજ સુપરવાઈઝર સ્ટાફ—<u>**૨૧**</u> અને <u>**૫૧**</u> સફાઈ કામદાર/ બેલદાર દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલઃ— <u>**૧૫** મેટ્રિક ટન</u> નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી—<u>**૦૧**</u> તેમજ શૈક્ષણિક સંસ્થા—<u>**૦૧**</u> ની આજુબાજુ સાફ—સફાઈ કામગીરી કરવામાં આવી હતી. <u>**૦૨**</u> ડ્રેનેજના મેન હોલની, સ્ટ્રોમ વોટર ડ્રેઈનના <u>**૧૫**</u> ઈનલેટ ચેમ્બરની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીગની કામગીરી કરવામાં આવી હતી. ગુમાસ્તાધારા વિભાગ દ્વારા <u>—૦૪</u> સંસ્થાની નોંધણી કરી, <u>**૧૪૦૦૦/—**</u> પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વોટર ટેબલ <u>—૩૦</u> રનીંગ મીટર સેટ—રીસેટ કરવાની કામગીરી કરવામાં આવી તથા પેચવર્ક <u>—૩૯૦</u> ચોરસ મીટર કરવામાં આવ્યું. આરોગ્ય વિભાગ દ્વારા ન્યુસન્સ કરતી સંસ્થાઓને <u>**૦૭**</u> નોટીસ આપી <u>**૧૫**</u> ઈસમો પાસેથી <u>**રૂા.૨૦૦૦/—**</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા <u>**૦૨**</u> લારી—ગલ્લા ઉપાડી તેમજ લોખંડના દાદર <u>**—૦૨**</u> અને બોર્ડ<u>**—૦૨**</u> રોડ પરનું દબાણ દુર કરાવી <u>**૦૭**</u> ઈસમો પાસેથી <u>**રૂા.૧૫,૦૦૦/—**</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **આકારણી વિભાગ દ્વારા <u>રૂા.૩૦૦૦૦/—</u> વેરા વસુલાત કામગીરી કરવામાં આવેલ છે.**

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન—જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. **વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉપરોકત સ્થળના— <u>૬૦૦</u> ઘરોમાં સર્વે કરી મળેલ <u>૧૦</u> બ્રિડીંગોનો નાશ કરેલ તેમજ <u>૦૭</u> નોટીસ આપી તથા <u>૧૦</u> નકામા કન્ટેનરોનો નિકાલ કરાવી <u>૦૬</u> ઈસમો પાસેથી <u>રૂા.૧૪,૦૦૦—</u> નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી <u>કુલ – ૧૪ નોટીસ આપી, કુલ—૪૦ ઈસમો પાસે **રૂા.૩૪,૬૦૦/—** નો વહીવટી ચાર્જ</u> કરવામાં આવ્યો હતો.

૧૧૩૦

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા  સંચાલિત, સ્મીમેર હોસ્પિટલમાં તા.૦૬/૦૯/૨૦૧૬ના રોજ વહેલી સવારે દર્દીના સગા દ્વારા સ્મીમેરના રેસીડન્ટ ડોકટરો તથા પેરા મેડીકલ સ્ટાફને માર મારી હોસ્પિટલ ખાતે  મિલકતને નુકશાન પહોંચાડેલ, જેના વિરોધ માટે સ્મીમેરના રેસીડન્ટ ડોકટરો દ્વારા હડતાલ પાડવામાં આવેલ. જે સંદર્ભે સુરત મહાનગરપાલિકા પ્રસાશન દ્વારા લેવામાં આવેલ પગલાં તથા પોલીસ પ્રસાશન દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી સંતોષ વ્યકત કરી આજ રોજ સાંજે ૬ઃ૩૦ કલાકથી હડતાલ સંકેલી ફરજ ઉપર હાજર થયેલ છે.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૮/૦૯/૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૧૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૨૮૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૮૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૩૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૨૩ કરદાતાઓ પાસેથી રૂા.૨૨,૯૬,૦૧૮/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૮૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૧૪ એન્ટ્રીમાં રૂા.૨,૩૪,૪૮૫/– અને આર.સી.ની ૬૬ એન્ટ્રીમાં રૂા.૩,૦૨,૭૫૫/– મળી કુલ રૂા.૫,૩૭,૨૪૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૦૨ એન્ટ્રીમાં રૂા.૮૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

૧૧૩૨

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા " રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :</u>

સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મે.કમિશનરશ્રીના આદેશાનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીઘેલ છે. સદર કામગીરીના ભાગરૂપે એડી.સીટીઈજનેરશ્રીની સુચના મુજબ તા.૧૪/૦૯/૧૬ ના રોજ મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી.વિભાગીય **ભરથાણાં યુનિટના વિસ્તારમાં આવેલ બાંધકામ પુણયભુમી, સાંઈ આશિષ, શિખીનવેલી, બેલાકેશા, નેસ્ટ ઓર્ચિડ**, બાંધકામમાં મચ્છરનું બ્રિડીંગ મળી આવતા રૂા.૧૧,૦૦૦/– વહીવટી ખર્ચવસુલવામાં આવેલ, **ગવિયર યુનિટના વિસ્તારમાં આવેલ અવધ** બાંધકામમાં મચ્છરનું બ્રિડીંગ મળી આવતાં રૂા.૯,૦૦૦/– તેમજ **વેસુ યુનિટ વિસ્તારમાં હેપ્પી ગલોરીયસ, ઓમ આઈકોન, ઓમરાજ, વેલેન્સીયા, સુડા ભવન, એટલાંટીશ, સંગીની હાઉસ, એસ.એન.એસ. સ્પલેન્ડિડ** બાંધકામમાં મચ્છરની ઉત્પતિ ધરાવતા ઈસમોને કુલ–રૂા.૭,૫૦૦/– નો વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. તેમજ **અઠવા યુનિટ નિર્મળનગર, નવી પોલીસ લાઈન, એલીઝીયમ** બાંધકામમાં મચ્છરની ઉત્પતિ સ્થાનો જોવા મળતાં રૂા.૫,૦૦૦/– વહીવટી ખર્ચ પેટે વસૂલવામાં આવેલ તેમજ **અલ–ભટાર યુનિટ વિસ્તારમાં આવેલ મહાદેવનગર, સોમનાથ સોસા., શ્રીરામ ઈન્ડ., આમ્રપાલી બંગલો, ખોડીયારનગર,** વિસ્તાર માંથી કુલ : ૮,૦૦૦/ – વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ તથા **પનાસ વિસ્તારમાં કે.પી.એમ. રેસી., સુભાષનગર, કસ્ટમ કોલોની, કિરણદિપ સોસા., શિખર રેસી., સ્વામી ગુણાતીતનગર**, વિગેરે બાંધકામમાં મચ્છરની ઉત્પત્તિ જોવા મળતા કુલ– રૂા.૨૪,૫૦૦/– વહીવટી વસુલાત લેવામાં આવેલ આમ, તા.૧૪/૦૯/૨૦૧૬ ના રોજ બાંધકામ ઝુંબેશ હેઠળ કુલ ૫૫ બાંધકામમાં સર્વે કરી મચ્છરજન્ય પરિસ્થિતી નિર્માણ કરતા ૧૯ ઈસમો પાસેથી કુલ–રૂા.૬૫,૦૦૦/–(અંકે રૂા. પાછેઠ હજાર પુરા) વહીવટી ખર્ચ વસૂલાત કરવામાં આવેલ. તથા બાંધકામ માં રહેતા કુલઃ– ૧૦૦૧ મજુરો માંથી કુલ :– ૧૫૬ સ્લાઈડ કલેકશન કરવામાં આવેલ અને તે પૈકી ૮૪૭ જેટલા મજુરોને મચ્છર દાની બિલ્ડરો ધ્વારા પૂરા પાડવામાં આવેલ તેમજ તમામ બાંધકામોમાં ટોયલેટની સુવીધાઓ પૂરી પાડવામાં આવેલ અને કુલઃ– ૨૬ બ્રિડીંગના સ્થળ નાશ કરવામાં આવેલ. ઉપરોકત તમામ બાંધકામના ઓર્ગનાઈઝરોને આ અગાઉ મચ્છર જન્ય પરિસ્થિતીનું નિર્માણ ન થવા બદલ તમામને નોટીસ આપવામાં આવેલ હતી

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી બાંધકામના તમામ મજુરોને મચ્છરદાની પુરી પાડવા અંગે ઓર્ગેનાઈઝોને આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વઘુમાં વઘુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૮/૦૯/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ દરેક શાળાઓમાં સુકાં અને ભીના કચરા માટે અલગ કચરાપેટી વ્યવસ્થાની ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮/૦૯/૧૬ ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તાર મા આવેલ દરેક શાળાઓમાં શિક્ષકો તથા આરોગ્યની સયુંકત ટીમો બનાવી સુકાં અને ભીના કચરા માટે અલગ કચરાપેટીની વ્યવસ્થાની ચકાસણી કરી સફાઈનીસફાઈની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| શાળાની સંખ્યા | શાળાની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | સુકા કચરા માટે અલગ કચરાપેટીની વ્યવસ્થા કરેલ શાળાની સંખ્યા | ભીના કચરા માટે અલગ કચરાપેટીની વ્યવસ્થા કરેલ શાળાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 54 | 195 | 2056 | 67 | 100 | 98 |

વધુમાં શાળાઓમાં વિધાર્થીઓને સુકાં અને ભીના કચરા માટે અલગ કચરાપેટી રાખવા માટે સમજ આપવામાં આવી તેમજ સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વાર ા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટtwitter પર શરૂ કરવામાં આવેલ છે. તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૧૩૪

## પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા ' મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન પીપલોદ વોર્ડ અંતર્ગત આવેલ (૧) શારદાયતન ત્રણ રસ્તાથી પાસપોર્ટ ઓફિસ થઈ રામનાથ થેલા ઓવારા બન્ને બાજુ (૨) શારદાયતન રસ્તાથી સુરત સીટી જીમખાના (૩) જીંજર ઓવારા થી સુરત સીટી જીમખાના થઈ કે.જી. ફીટનેશ સુધી તેમજ ગોવર્ધન હવેલી જકાત બંગલી સુધી (૪) કરૂણાસાગર ઓવારા થી નિલમબાગ સોસાયટી, પ્રભુ હોસ્પિટલ, ફલોરન્સ ગાર્ડનવાળો રોડ બન્ને બાજુ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૧૪/૦૯/૧૬ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૩૮ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૫૫ સફાઈ કામદારો, ૨૫ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૦૫ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. સદર વિસ્તારોમાંથી ગણેશ વિસર્જનના રૂટો પરથી ૦૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ તેમજ લારી–ગલ્લાનું દબાણ દૂર કરવામાં આવેલ. તેજમ ધનિષ્ઠ સ્ક્રેપીગ/બ્રશીગ તથા પેચ વર્ક કરવામા આવેલ છે. સદર સફાઈ ઝુંબેશમાં ૩૦ ઈસમો પાસેથી રૂા. ૧૪,૨૦૦/– વહીવટી વસૂલાત કરવામા આવેલ. પ્લાસ્ટિક જપ્ત : ૩.૦૦૦ કિ.ગ્રા. જપ્ત કરવામાં આવેલ.

આકારણી વિભાગ દ્વારા સ્થળ પર જ રૂા. ૨,૪૨,૦૦૦/– વેરા વસૂલાત કરવામાં આવેલ છે. ગુમાસ્તા વિભાગ દ્વારા ૨૨ સંસ્થા પાસે રૂા. ૨૭,૭૦૦/– પ્રો.ટેક્ષ વસુલવામાં આવેલ તેમજ ૧૬ નોટીસ પાઠવવામાં આવેલ છે. તેમજ ઝીંઝર ઓવારા ઉપર ૧૦૦૦ ચો.ફુટ પી.સી.સી. તથા ૧૫૦૦ ચો.ફુટ સ્ક્રેપીગ કરવામાં આવેલ છે

૧૧૩૫

# <u>પ્રેસનોટ</u>

**સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) ના આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીગ વિભાગ ધ્વારા " મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબાર યાદીઃ–**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે નોર્થઝોન(કતારગામ) ઝોન સંલગ્ન ગોતાલાવાડી વોર્ડ વિસ્તારમાં આવેલ પીપલ્સ ઢાળથી રાજમોતી રોડ,નંદુડોશી રોડથી બંબાવાડી, કેશરબા માર્કેટથી એ,બી,સી,ડી, ટેના. રેલરાહટ કોલોન ઢોર ડબ્બાથી ટોરેન્ટ પાવર ૫૦ ડીપુના ટેકરા સુધીનાં વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૧૦/૦૯/૨૦૧૬ નાં રોજ કરવામાં આવેલ જે અન્વયે સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૮૯ સફાઈ કામદાર  લોકસેવા બેલદાર અને ડ્રેનેજ વિભાગના  બેલદારો ધ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૭૮ ઈસમ પાસેથી દબાણ કરી રૂા.૧૬૯૫૦/– વહીવટી વસુલાત કરવામાં આવેલ અખાધનો નાશ – ૨૫ કિ.ગ્રા, પ્લાસ્ટીક ૨૫ કિ.ગ્રા જપ્ત કરી દબાણ કરવામાં આવેલ છે.

ઉપરોકત સફાઈ અભિયાનમાં માન.કમિશ્નરશ્રી, ડે. કમિશ્નરશ્રી ( હે અને હો), કાર્યપાલક ઈજનેર, નાયબ આરોગ્ય અધિકારી, અને ડેપ્યુટી ઈજનેરશ્રી , ઈજનેરશ્રી તેમજ આરોગ્ય વિભાગના સુપર વાઈઝરી સ્ટાફ હાજર રહી સફળતા પૂર્વક કામગીરી કરી હતી.

૧૧૩૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૧૨/૦૯/૧૬ના રોજ શિક્ષકો દ્વારા દરેક શાળાઓનું સ્વસ્છતા અંગે મુલ્યાંકન કરી તથા તેના ફોટાગ્રાફર ટવીટર,ફેસીબુક તથા MYGOV.IN ઉપર અપલોડ કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૧૨/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તાર મા આવેલ સ્કુલ ના શિક્ષકો દરેક શાળાઓનું સ્વસ્છતા અંગે મુલ્યાંકન કરી તથા તેના ફોટાગ્રાફર ટવીટર,ફેસીબુક તથા MYGOV.IN ઉપર અપલોડ કરવાની ધનિષ્ઠ કામગીરી કરવવામાં આવેલ હતી.

| સ્વચ્છતા અંગે મુલ્યાંકન કરેલશાળાની સંખ્યા | શિક્ષકો સંખ્યા | વિદ્યાર્થીઓની ની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા |
|---|---|---|---|
| 163 | 347 | 107 | 148 |

વધુમાં શાળાઓમાં શિક્ષકો દ્વારા વિધાથીઓને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ
# પૂર્વ ઝોન (વરાછા)
# સુરત મહાનગરપાલિકા

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મ જંયતિ અંતર્ગત "સ્વચ્છ ભારત મિશન " અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃતિઓની અમલવારી કરવાની રહે છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકામાં વિષયવાર પખવાડિક ઝુંબેશ મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિવિધ કામગીરી/ પ્રવૃતિઓ કરવામાં આવે છે.

માહે સપ્ટેમ્બર માસ દરમ્યાન તા.૧૬/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ દરમ્યાન મહાનગરપાલિકાના સાત ઝોન વિસ્તારમાં આવેલ પ્રવાસ સ્થળો, જાહેર સ્થળો, રેલ્વે સ્ટેશન, એસટી ડેપો, બીઆરટીએસ સ્ટેશન, ઐતિહાસિક સ્થળો વિગેરે ખાતે સ્વચ્છતા/સાફ– સફાઈ ઝુંબેશ હાથ ધરવાની રહે છે.

ઉકત બાબતે તા.૧૬/૦૯/૧૬ ના રોજ પૂર્વઝોન (વરાછા)ના સરથાણા વિસ્તારમાં આવેલ નેચરપાર્ક ખાતે નેચરપાર્ક તેમજ મહાનગરપાલિકાના સ્ટાફ, એન.જી.ઓ./ વિઝીટર્સ– મુલાકાતીઓ અને શહેરીજનો મળી ઉપસ્થિત ૪૦ વ્યકિતઓના સહયોગથી ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરી, ઝુંબેશમાં ભાગ લેનાર સહુએ સ્વચ્છતા શપથ લીધેલ છે.

૧૧૩૮

# પ્રેસનોટ

## ગાર્ડન ખાતુ

## સુરત મહાનગરપાલિકા

## <u>એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન</u>

**વૃક્ષારોપણને વધુ વેગ મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન યોજનાનો શુભારંભ** મા. મેયર શ્રીમતિ અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના વરદ્ હસ્તે ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિવસે કરવામાં આવેલ છે. સદર યોજનાનો દર વર્ષે તારીખ ૧૫ મી જુનથી ૧૫મી સપ્ટેમ્બર સુધીના સમય માટે અમલ કરવા નક્કી કરવામાં આવેલ છે. યોજનાનો લાભ લેવા માટે સુ.મ.પા.ના મોબાઈલ નંબર **૯૨૭૪ ૨૨૨ ૨૨૨** પર એસ.એમ.એસ. **GREENSURAT** પર મળેલ સંદેશા મુજબ સુરત શહેર હદ વિસ્તારમાં જે તે ઝોનમાં ખાનગી જમીનો ઉપર વૃક્ષોના રોપાનું રોપાણ કોર્પોરેશન ધ્વારા કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે તા.૧૫/૦૬/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ સુધીના યોજનાના અમલ દરમ્યાનના સમયમાં ગાર્ડન વિભાગને સુરત મહાનગરપાલિકાના નગરજનો દ્વારા મળેલ કુલ **૭૬૬** ઓનલાઈન એપ્લીકેશન પૈકી **૩૭૪** એપ્લીકેશન ગ્રાહય રાખવામાં આવેલ. ઓનલાઈન એપ્લીકેશન કરનાર નગરજનોનો સંપર્ક કરી ખાનગી સ્થળો / પ્લોટમાં કુલ **૩૯૪૧** વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન સુ.મ.પા.ના ગાર્ડન વિભાગ ધ્વારા શહેર હદ વિસ્તારમાં કરવામાં આવેલ છે.

૧૧૩૯

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) ના આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીગ વિભાગ ધ્વારા " મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબાર યાદીઃ–**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે નોર્થઝોન(કતારગામ) ઝોન સંલગ્ન ગોતાલાવાડી વોર્ડ વિસ્તારમાં આવેલ પીપલ્સ ઢાળથી રાજમોતી રોડ,નંદુડોશી રોડથી બંબાવાડી, કેશરબા માર્કેટથી એ,બી,સી,ડી, ટેના. રેલરાહટ કોલોન ઢોર ડબ્બાથી ટોરેન્ટ પાવર ૫૦ ડીપુના ટેકરા સુધીનાં વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૧૦/૦૯/૨૦૧૬ નાં રોજ કરવામાં આવેલ જે અન્વયે સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૮૯ સફાઈ કામદાર  લોકસેવા બેલદાર અને ડ્રેનેજ વિભાગના  બેલદારો ધ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૭૮ ઈસમ પાસેથી દબાણ કરી રૂા.૧૬૯૫૦/– વહીવટી વસુલાત કરવામાં આવેલ અખાધનો નાશ – ૨૫ કિ.ગ્રા, પ્લાસ્ટીક ૨૫ કિ.ગ્રા જપ્ત કરી દબાણ કરવામાં આવેલ છે.

ઉપરોકત સફાઈ અભિયાનમાં માન.કમિશ્નરશ્રી, ડે. કમિશ્નરશ્રી ( હે અને હો), કાર્યપાલક ઈજનેર, નાયબ આરોગ્ય અધિકારી, અને ડેપ્યુટી ઈજનેરશ્રી , ઈજનેરશ્રી તેમજ આરોગ્ય વિભાગના સુપર વાઈઝરી સ્ટાફ હાજર રહી સફળતા પૂર્વક કામગીરી કરી હતી.

૧૧૪૦

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા**
**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૦૯/૦૯/૨૦૧૬ થી તા.૧૫/૦૯/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂ.૧,૬૬,૦૩૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૭,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૨૦.૮૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૧.૧૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૨૦ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૨૦,૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૩ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૩,૫૩૦ અને ૫,૨૧૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૮૫,૮૦૦/– અને રૂા.૨,૦૪,૭૩૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૯૦,૫૩૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૧૪૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૭/૦૯/૧૬ના રોજ "વર્લ્ડ ટુરીઝમડે" નિમિત્તે તા.૧૬/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૧૬/૦૯/૧૬ના રોજ સુરત શહેરના દરેક પ્રવાસન સ્થળોને પ્લાસ્ટીક મુકત તરીકે ઘોષિત કરવા માટેનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૧૬/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલી દરેક શાળાઓમાં શિક્ષકો દ્વારા પ્લાસ્ટીક મુકત તરીકે ઘોષિત કરવા માટે નું આયોજન ની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| પ્લાસ્ટીક મુકત ઘોષિત કરવામાં આવેલી શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વિદ્યાર્થીઓનીસંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા |
|---|---|---|---|
| 34 | 76 | 182 | 33 |

વધુમાં સુરત શહેરના દરેક પ્રવાસનોને પ્લાસ્ટીક મુકતી તેમજ તે અંગેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ ''ટીચર્સ ડે'' નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૧૪/૦૯/૧૬ના રોજ સુરત શહેરની દરેક શાળાઓમાં શિક્ષકો દ્વારા પ્લાસ્ટીક મુકત જગ્યા તરીકે ઘોષિત કરવા માટેનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૧૪/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલી દરેક શાળાઓમાં શિક્ષકો દ્વારા પ્લાસ્ટીક મુકત જગ્યા તરીકે ઘોષિત કરવા માટે નું આયોજન ની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| પ્લાસ્ટીક મુકત ઘોષિત કરવામાં આવેલી શાળાની સંખ્યા શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|
| 128 | 214 | 649 | 96 | શાળાની આજુબાજુનાં વિસ્તારમાં પ્લાસ્ટીક મુકત કરી સફાઈ કરાવેલ છે. |

વધુમાં શાળાઓમાં શિક્ષકો દ્વારા **વિદ્યાર્થીઆને** પ્લાસ્ટીક મુકતી તેમજ તે અંગેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૧૪૩

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૫/૦૯/૧૬ના રોજ "ટીચર્સ ડે" નિમિત્તે તા.૦૧/૦૯/૧૬ થી તા.૧૫/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૧૩/૦૯/૧૬ના રોજ શિક્ષકો દ્વારા દરેક શાળાઓમા પેરેન્ટસ–ટીચર્સ એસોશિએશન દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ તથા તે માટે નાગરીકોના પ્રતિસાદ(ફીડબેક)ના મહત્વ અંગેની મીટીંગનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૧૩/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તાર મા આવેલ દરેક શાળાના શિક્ષકો દ્વારા સ્વસ્છતા અંગે મુલ્યાંકન કરી તથાપેરેન્ટસ–ટીચર્સ એસોશિએશન દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ તથા તે માટે નાગરીકોના પ્રતિસાદ(ફીડબેક)ના મહત્વ અંગેની મીટીંગનું આયોજન કરવાની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વિર્ધાથીની સંખ્યા | પેરેન્ટસ ટીચર્સ એસોશીએશન ના સભ્યોની સંખ્યા | પેરેન્ટસ ટીચર્સ એસોશીએશન ના સભ્યોની સંખ્યા | શાળામાં હાજર રહેલ સુપરવાઈઝરી સ્ટાફની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 13 | 66 | 158 | 125 | 40 | 30 |

વધુમાં શાળાઓમાં શિક્ષકો તથા વાલીઓ દ્વારા વિધાથીઓને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત કન્સ્ટ્રકશન અને ડિમોલેશન વેસ્ટ–૨૦૧૬ અમલમાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા બિલ્ડર એસોસીએશન, આર્કિટેક એસોસીએશન, કોન્ટ્રાકટર એસોસીએશનના પ્રતિનીધીઓને આ બાબતે અવગત કરવા તા.૧૭/૦૯/૧૬ના રોજ પર્ફોમીંગ આર્ટ સેન્ટર, અડાજણ ખાતે મા.મેયરશ્રી અને મા.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં વર્કશોપનું આયોજન કરેલ છે.

આ વર્કશોપમાં શ્રી કે. ડી. યાદવ (SVNIT), શ્રી દીલીપભાઈ પટેલ(SVNIT), શ્રી મનીષ ભરતીયા (ડાયરેકટર CDE એશિયા) તથા ડો.વિમલકુમાર (સેક્રેટરી જનરલ ફલાય એશ રીસર્ચ મેનેજમેન્ટ) જેવા જાણકાર અને અનુભવી એક્ષપર્ટ દ્વારા સદર કાયદા અંગે વિગતવાર સમજ–સમજુતી આપવામાં આવશે.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૧૪૫

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૭.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૨૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન (ખાડા) **૩૮૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૧૭૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪ ,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.** ૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૬** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૬૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૫.૬૧** લાખ થયેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬ (બમરોલી), ફા.પ્લોટ નં.૩૭/એ/બી/સી, પ્લોટ નં.૨૧૬, ૨૧૭, આશાપુરી સોસા.–૨, ૧૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ., તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૩.૪૫** લાખ થયેલ છે., ૦૬ EC તથા  ૦૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૨૨૯/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૫** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૪૯.૯૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.**૦/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૯૭૭૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૨૩૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૯૮ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૯૫** કરવામાં આવેલ છે. જયારે **૪૪** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૧૪૬

# :: પ્રેસનોટ ::

## ''ખેલ મહાકુંભ–૨૦૧૬''ની રમતોમાં ભાગ લેવા રજીસ્ટ્રેશનની મુદતમાં વધારો

સુરત મહાનગરપાલિકા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત જીલ્લા વહીવટીતંત્ર સુરતના સંયુકત ઉપક્રમે ગતિશીલ ગુજરાતમાં, ખેલનું વાતાવરણ સર્જતો ખેલ પ્રતિભા શોધનો મહા રમતોત્સવ ''ખેલમહાકુંભ–૨૦૧૬''નું આયોજન ચાલુ વર્ષે તા.૨૭/૦૯/૨૦૧૬ થી તા.૦૩/૧૨/૨૦૧૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે.

આ ''ખેલમહાકુંભ–૨૦૧૬''ની શાળા / ઝોન કક્ષા / મહાનગરપાલિકા કક્ષા અને છેલ્લે રાજય કક્ષાની યોજાનાર સ્પર્ધામાં ભાગ લેવા માટે લેવા માગતા ખેલાડીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી **તા.૧૫/૦૯/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન www.khelmahakumbh.org પર તથા khelmahakumbh-2016 એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. મોબાઈલ એપ્લીકેશનથી પણ ઓન લાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું હતું.જેની મુદતમાં વધારો કરી તા.૨૭/૦૯/૨૦૧૬ સુધી લંબાવવામાં આવી છે.**

જે શાળા / કોલેજોનું રજીસ્ટ્રેશન બાકી હોય, તે શાળા / કોલેજ ખેલ મહાકુંભની ડેટા એન્ટ્રી માટે ગયા વર્ષની ડેટા એન્ટ્રીનો ઉપયોગ કરી રજીસ્ટ્રેશન કરી શકશે. રજીસ્ટ્રેશનની કોઈ પણ સમસ્યા બાબતે સુરત મહાનગરપાલિકા સ્તરે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત ફોન નં.–૦૨૬૧–૨૬૬૨૯૦૩, જીલ્લા રમતમગત અધિકારીશ્રી, સુરત ફોન નં.–૦૨૬૧–૨૪૬૫૮૦૮, સીનીયર કોચશ્રી, સુરત ફોન નં.૦૨૬૧–૨૬૬૮૦૩૪, સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા ફોન નં. – ૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૫ EXT- ૨૪૫ પર સંપર્ક કરી શકાશે તથા રાજય સ્તરે ટોલ ફ્રી નંબર – ૧૮૦૦ ૨૭૪૪ ૧૫૧ ઉપર સંપર્ક કરવાથી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવશે.

''ખેલ મહાકુંભ–૨૦૧૬''ની રમતમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત હોય, કિશોર–કિશોરી, યુવક–યુવતીઓથી માંડીને સીનીયર સીટીઝન, શહેરની શાળાઓ, કોલેજો વિગેરેના વિદ્યાર્થીઓ તથા ઓપન કેટેગરીમાં નગરજનોને મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવી રમતોમાં ભાગ લેવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

૧૧૪૭

# –: પ્રેસ નોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૭/૦૯/૨૦૧૬ને શનિવારનાં રોજ ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્ર, બાબા બૈજનાથનાં મંદિરની પાસે, ગોડાદરા, સુરત.ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં એડવાઈઝર ડો.એચ.ડી.દુધવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો.એ.પી.ભટ્ટ, મ્યુ. સદસ્યા શ્રીમતી લીલાબેન સોનવણે તથા સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત તેમજ લીંબાયત, ગોડાદરા, આજણા શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૬૬૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૧૮૯, સર્જન દ્વારા ૨૦, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૧૪૪, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૪૨, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૨૦, આંખના નિષ્ણાંત દ્વારા ૧૧૫, મેડીકલ ઓફીસર દ્વારા ૩૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૩૨ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૩૪૧ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૮૧ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.જુદા–જુદા રોગ અંગેની ૩૫૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૦૦, ઓરલ પીલ્સ ૨૧, પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૧૫૦૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને બી.સી.જી., ૦૫ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૦૮ બાળકોને પોલીયોની રસી, ૦૧ બાળકને આઇ.પી.વી., ૦૫ બાળકોને ઓરી, ૦૮ બાળકોને ડી.પી.ટી, ૦૩ બાળકોને ટી.ટી.ની રસી ૦૫ બાળકોને વીટામીન–એ,અને ૧૨ મધર્સ ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u>** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૨૪/૦૯/૧૬ ડુમસ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૯/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૩૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૮૫૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૬૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૨૬૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૨૪ કરદાતાઓ પાસેથી રૂા.૩૯,૧૭,૩૧૯/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૭૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૭૦ એન્ટ્રીમાં રૂા.૩,૫૭,૧૩૮/– અને આર.સી.ની ૧૦૮ એન્ટ્રીમાં રૂા.૫,૮૦,૫૬૬/– મળી કુલ રૂા.૯,૩૭,૭૦૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૦૦/– રીન્યુઅલની ૦૫ એન્ટ્રીમાં રૂા.૨૨૦/– અને દંડની રકમની ૦૫ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

૧૧૪૯

# –: <u>પ્રેસ નોટ</u> :–

સુરત શહેર વિસ્તારમાં વિકાસના કામો માટે જરૂરી જમીનો પ્રજાજનોના સકારાત્મક અભિગમને કારણે અન્ય શહેરોની સરખામણીએ ઝડપથી પ્રાપ્ત થઈ શકે છે. સુરત શહેર વિસ્તારમાં વિકાસના કામોમાં નડતરરૂપ મિલ્કતોનું સમયાંતરે ડીમોલીશન કરી વિકાસના કામો હાથ ધરવામાં આવે છે. જે કામગીરી અંતર્ગત સુરત શહેરની પ્રજા પણ સકારાત્મક અભિગમ દર્શાવી સુરત મહાનગરપાલિકાને જરૂરી તમામ સહકાર આપે છે. પ્રજા તરફથી મળતા આવા સકારાત્મક અભિગમને કારણે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના કામોમાં નડતરરૂપ રહેણાંક/બિનરહેણાંકના હેતુવાળી મિલ્કતોના બદલામાં માનવતાના ધોરણે વૈકલ્પિક વ્યવસ્થા ફાળવવામાં આવે છે. જે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા સકારાત્મક અભિગમ દર્શાવી અવારનવાર ડીમોલીશન અસરગ્રસ્તોને જીવનનિર્વાહમાં તકલીફ ન પડે તેવા પગલાઓ લેવામાં આવે છે.

અગાઉ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસની કામગીરી/રસ્તાઓના વિસ્તૃતીકરણની કામગીરી અંતર્ગત સુરત શહેરના રાજમાર્ગ, ઉધના મેઈનરોડ, વરાછા મેઈનરોડ, લાભેશ્વરભુવન રોડ, લંબે હનુમાન રોડ, વલ્લભાચાર્ય રોડ વિગેર રોડ પર નડતરરૂપ મિલ્કતોનું ડીમોલીશન કરવામાં આવેલ. જે ડીમોલીશન અસરગ્રસ્ત અરજદારો તરફથી રજૂ કરવાના થતા જરૂરી પુરાવા/વિગતોના અભાવે તથા જે તે સમયના સાઈટસર્વેની અપૂરતી માહિતી/રેકર્ડના કારણે ઘણા કેસોમાં વૈકલ્પિક દુકાનો ફાળવવા બાબતે નિર્ણય લેવામાં મુશ્કેલી સર્જાતા વિલંબ થઈ રહેલ હતો. ડીમોલીશન અસરગ્રસ્ત અરજદારોની પરિસ્થિતિને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાએ સકારાત્મક અભિગમ દાખવી તેના નિકરાકરણ માટે/ઝડપથી આ પ્રશ્નોનો નિકાલ લાવવા માટે સને–૨૦૧૫ તથા સને–૨૦૧૬ માં ઠરાવ પસાર કરેલ છે. જે અન્વયે સુરત શહેરની બિનરહેણાંકની હેતુવાળી મિલ્કતોના ડીમોલીશન અસરગ્રસ્તોને વૈકલ્પિક વ્યવસ્થા/દુકાનની ફાળવણી કરવાના કામે અગાઉ તા.૧૬/૦૨/૨૦૧૬ ના રોજ ઉપલબ્ધ વૈકલ્પિક વ્યવસ્થા/દુકાનોની પસંદગી આપવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જે કાર્યક્રમમાં ૧૧૨ અસરગ્રસ્ત અરજદારોને બોલાવવામાં આવેલ તથા ૮૭ અસરગ્રસ્ત અરજદારાને વૈકલ્પિક દુકાનોની પસંદગી આપવામાં આવેલ.

ત્યારબાદ વરાછા ઝોન વિસ્તારમાં બૂટભવાની સોસાયટી, અંજની એપાર્ટમેન્ટ વિસ્તારમાં બી.આર.ટી.એસ રૂટના અમલીકરણની કાર્યવાહી અન્વયે ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે ડીમોલીશનના અંતર્ગત પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત અરજદારો તથા સને–૧૯૯૬ ની સાલના સમયગાળાથી આજ પર્યત કરવામાં આવેલ ડીમોલીશનના બાકી રહેલ અસરગ્રસ્ત અરજદારોને વૈકલ્પિક દુકાનોની પસંદગી કરવાના કામે તા.૧૪/૦૯/૨૦૧૬, તા.૧૬/૦૯/૨૦૧૬ તથા તા.૧૭/૦૯/૨૦૧૬ના રોજ વૈકલ્પિક દુકાનોની પસંદગી આપવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૨૯૬ અસરગ્રસ્ત અરજદારોને બોલાવવામાં આવેલ. જે પૈકી હાજર રહેલ ૨૩૫ અરજદારો પૈકી ૨૦૮ અરજદારોએ વૈકલ્પિક દુકાનોની પસંદગી કરેલ છે. આમ, કુલ ૨૯૫ (૨૦૮+૮૭) અસરગ્રસ્તોને વૈકલ્પિક દુકાનોની પસંદગી મળેલ છે.

વૈકલ્પિક વ્યવસ્થાની પસંદગીના ઉકત કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકા પાસે બાંધકામ થયેલ શોપીંગ સેન્ટરોમાં૧૦૩ દુકાનો ઉપલબ્ધ છે તથા અસરગ્રસ્ત અરજદારોની સંખ્યાને ધ્યાને લઈ આ હેતુ માટે યોગ્ય પ્લોટ પસંદ કરી તેના ઉપર ૪૩૭ દુકાનોનું આયોજન સૂચવવામાં આવેલ છે. જે આયોજન હેઠળની દુકાનોનું બાંધકામ ઝડપથી હાથ ધરવામાં આવનાર છે.

આમ, સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોમાં નડતરરૂપ પોતાની મિલ્કતોનો ભોગ આપી સકારાત્મક અભિગમ દાખવનાર પ્રજાજનો માટે સુરત મહાનગરપાલિકાએ માનવીય અભિગમ દાખવી તેઓની રોજી રોટી છીનવાઈ ન જાય તેવા શુભ હેતુથી વૈકલ્પિક દુકાનોની ફાળવણી કરી પ્રજાના સાથ સહકારથી વિકાસના કામો પુરા કરવા અંગેની કાર્યપધ્ધતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

૧૧૫૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૭/૦૯/૧૬ના રોજ મા.ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલીના અધ્યક્ષ સ્થાને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ મુજબ કન્સ્ટ્રકશન અને ડિમોલેશન વેસ્ટ–૨૦૧૬ કેપેસીટી બિલ્ડીંગ અંગેનો પર્ફોર્મીંગ આર્ટ સેન્ટર, અડાજણ ખાતે યોજાવામાં આવેલ સદર કન્સ્ટ્રકશન અને ડિમોલેશનની કામગીરી સાથે સંકળાયેલ વિવિધ સરકારી/અર્ધસરકારી સંસ્થાના અધિકારીશ્રી, બિલ્ડર એસોસીએશન, આર્કિટેક એસોસીએશન, કોન્ટ્રાકટર એસોસીએશનના પ્રતિનીધીઓ, મહાનુભાવો, પ્રોફેસરશ્રી કે. ડી. યાદવ (SVNIT), પ્રોફેસરશ્રી દીલીપભાઈ પટેલ(SVNIT), શ્રી મનીષ ભરતીયા (ડાયરેકટર CDE એશિયા) તથા ડો.વિમલકુમાર (સેક્રેટરી જનરલ ફ્લાય એશ રીસર્ચ મેનેજમેન્ટ) ક્રેડાઈના પ્રમુખશ્રી વેલજીભાઈ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રી/ પદાધીકારીશ્રીઓ હાજર રહેલ હતા.

મા.ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલીએ પ્રાંસગીક પ્રવચન આપી મહાનુભાવો દ્વારા દિપ પ્રગટાવી આ વર્કશોપનો શુભારંભ કરવામાં આવેલ ત્યારબાદ મા.કમિશ્નરશ્રી, પ્રોફેસરશ્રી કે. ડી. યાદવ (SVNIT), પ્રોફેસરશ્રી દીલીપભાઈ પટેલ(SVNIT), શ્રી મનીષ ભરતીયા (ડાયરેકટર CDE એશિયા) તથા ડો.વિમલકુમાર (સેક્રેટરી જનરલ ફ્લાય એશ રીસર્ચ મેનેજમેન્ટ) જેવા જાણકાર અને અનુભવી એક્ષપર્ટ દ્વારા કન્સ્ટ્રકશન અને ડિમોલેશન વેસ્ટ–૨૦૧૬ના કાયદા અંગે વિગતવાર વિસ્તૃત સમજ/જાણકારી તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. સુરત શહેરને સ્વચ્છતામાં અગ્રતાના ક્રમે લાવવા ઉપસ્થિત મહાનુભાવોને જાહેર અપીલ કરવામાં આવેલ હતી.

સદર વર્કશોપના અંતમાં મા.કમિશ્નરશ્રી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરી ફરી સ્વચ્છતા અભિયાન સફળ બનાવવા ખાસ અપીલ કરવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.



# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૭/૦૯/૧૬** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં રાજાવાડી,રાહત મહોલ્લો,મશાલચીવાડ,નવીઓલી,પીલી મીટ્ટી લાલવાડી,સગરામપુરા,ઝાંપાબજાર,તૈયબી મહોલ્લો જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં દરગાહવિસ્તાર,ગાયત્રીસોસાયટી,ચંદ્રલોક,રામજી ઓવારો,રામજી મંદિર એકવેરીયમ,પાલ આર.ટી.ઓ,સેટેલાઈટ,ન્યુગોકુલ સાંઈરામ રો હાઉસ,બોટની કલ ગાર્ડન,ઉગત હળપતિવાસ જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં શાસ્ત્રીનગર,અપેક્ષાનગર,એચ/૧૫ ભઘક આવાસ, ભકિતનગર–૧,૨,૩, શિવશકિતનગર, કિષ્ના નગર ભગવતીનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં મંગલભવન સોસાયટી, રત્નપ્રભા સોસાયટી,મગદુમ નગર,મીલનનગર,કૈલાસનગર,ગુરૂકૃપાનગર,મોદી એસ્ટેટ,જીગ્નેશનગર મીરાનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં પોલીસ લાઈન બ્લોક ૧ થી ૭,ઉમરાવનગર,સીઘીશેરી,ઈ.ડબલ્યુ. એસ. પાણીની ટાંકી,ભરથાણા હળપતિવાસ,ગુ.હા.બોર્ડ.જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં નહેરૂનગર,ફુલવાડી,શકિતનગર,જેરામ મોરારની વાડી,નિખાલશનગર,દેવીકૃપા સો.,માલધારી વસાહત એચ–૪ આવાસ ૨૯૬ થી ૩૨૨ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં પરમહંસ સો.,ત્રિકમનગર–૨, કોહીનુર સો.,એકતા નગર,દીનદયાળનગર ઝું.,ટાંકીપાળ,રીવેરા બંગ્લોઝ,શૈયદ ફળિયું,મોલવી સ્ટ્રીટ,મુકિતધામ,વિક્રમનગર–૪,જય યોગેશ્વર જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૪૫૭૫ | ૮૦૩૯૬ | ૪૪૪ | ૧૧૭૮૭ | ૨૬૯૬ | ૨૦૭૦ | ૧૩૦ | ૬૧૫૦૦ | ૬૩ | ૩૩૩૦૭ | ૧૩૮૩૫ |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1151
તા. ૧૭–૯–૨૦૧૬

૧૧૫૨

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૧૭/૦૯/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬ (બમરોલી), ફા.પ્લોટ નં.૩૭/એ/બી/સી, પ્લોટ નં.૨૧૬, ૨૧૭, આશાપુરી સોસા.–૨ ખાતે ૧૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૧૫૩

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૭.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૨૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન (ખાડા) **૩૮૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૧૭૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪ ,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.** ૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૬** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૬૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૫.૬૧** લાખ થયેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬ (બમરોલી), ફા.પ્લોટ નં.૩૭/એ/બી/સી, પ્લોટ નં.૨૧૬, ૨૧૭, આશાપુરી સોસા.–૨, ૧૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૩.૪૫** લાખ થયેલ છે., ૦૬ EC તથા ૦૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૨૨૯/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૫** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૪૯.૯૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૯૭૭૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૨૩૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૯૮ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૯૫** કરવામાં આવેલ છે. જયારે **૪૪** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૧૫૪

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૯/૨૦૧૬ થી તા.૧૮/૦૯/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૬૦૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૩૯/– વસુલ લેવામાં આવેલ છે. ૬૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૮૩૦૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૩૫૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૭૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૮૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૧૦ કરદાતાઓ પાસેથી રૂા.૨૬,૦૧,૫૮૫/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૩૫૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૦૫ એન્ટ્રીમાં રૂા.૪,૩૪,૭૨૧/– અને આર.સી.ની ૧૫૧ એન્ટ્રીમાં રૂા.૭,૦૯,૪૦૭/– મળી કુલ રૂા.૧૧,૪૪,૧૨૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૬૦/– રીન્યુઅલની ૧૬ એન્ટ્રીમાં રૂા.૯૨૦/– અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૩૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

૧૧૫૫

## પ્રેસનોટ

### સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા " રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :

સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મે.કમિશનરશ્રીના આદેશાનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીઘેલ છે. સદર કામગીરીના ભાગરૂપે એડી.સીટીઈજનેરશ્રીની સુચના મુજબ તા.૧૯/૦૯/૧૬ ના રોજ મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી.વિભાગીય કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવેલ સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓ અને સ્કુલ / કોલેજોમાં મચ્છરનાં ઉત્પતિ સ્થાન વિષે સ્થળ તપાસ કરતાં નીચે જણાવેલ સંસ્થાઓ માંથી મચ્છરની ઉત્પતિ તેમજ ખામીઓ મળી આવેલ

ઓ.એન.જી.સીનગર, ખજોદ, સરસાણા, ભીમરાડ , ભરથાણાગામની નં.પ્રા.શાળા, મહિલા આઈટીઆઈ, ડીઆરભાણા કોલેજ, જી.ઈ.બી.ઓફીસ, નવનિમાર્ણ સ્કુલ, સત્યસાંઈ સ્કુલ અલથાણ, ભગવાન મહાવીર કોલેજ, ટેલીફોન એક્ષચેન્જ, આકાશવાણી, પોસ્ટ ઓફીસ, સીવીલ હોસ્પીટલ કેમ્પસ,વીરનર્મદ યુનિર્વસીટી, નં.પ્રા.શાળા વેસુગામ, આભવાગામ, એલ.પી.સવાણી સકુલ, એસ.ડી.જૈન કોલેજ, જે.એચ.અંબાણી સ્કુલ, સ્વપ્નદિપ વિધાલય આભવા, અઠવા ગેટ રેલ્વે બુકીંગ ઓફીસ, ચોપાટી ગાર્ડન , સરકીટ હાઉસ, જીલ્લા સેવા સદન, જીલ્લા પોલીસ ભવન સુરત ગ્રામ્ય, જીલ્લા કોર્ટ બિલ્ડીંગ, સ્વીમિંગપુલ ચોપાટી, ઓફીસર જીમખાના, સુમનપાર્ક કવાટર્સ, મામલતદાર કચેરી, નાગરીક સુવિધા કેન્દ્ર, કવિ નર્મદ લાયબ્રેરી, અઠવા વોર્ડ ઓફીસ, અઠવા ઝોન ઓફીસ, ઉમરા પોલીસ સ્ટેશન, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, માં સર્વે કરવામાં આવેલ જેમાં કુલ :– ૬૬ સંસ્થા / ઓફીસ/ શાળાઓ ચેક કરવામાં આવેલ અને ૧૭૯૩ બ્રિડીંગ સ્પોટ મળી આવેલ અને કુલ :–૧૯ સ્થળો પરથી મચ્છરનાં બ્રિડીંગ મળી આવેલ જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવેલ અને કુલ :– ૧૦ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ અને વિસ્તાર માંથી કુલ ૪૦૬ લોહીનાં નમૂનાં લઈ કુલ :– રૂા. ૧૫,૫૦૦/– ૦૫ ઈસમ પાસે વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ વિવિધ સંસ્થામાં સ્થળો પર મચ્છરની ઉત્પતિ અટકાવવા માટે સંસ્થાઓના ટ્રસ્ટી / સુપ્રિટેન્ડન્ડ / ડીન / પ્રિન્સીપાલ વગેરેને પત્ર વ્યવહાર કરી ખામી બાબતે જાણ કરવામાં આવેલ હતી. તે નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વઘુમાં વઘુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.